# ટ્રાફિક પોલીસ પાસે સમાજની અપેક્ષાઓ

તા.૩૦ નવેમ્બરના રોજ પોલીસ ટ્રેનિંગ સેન્ટર કરાઇ - ગાંધીનગર ખાતે ૨૫૦ જેટલા પી.એસ.આઇ. ને "ટ્રાફિક પોલીસ અને સમાજની એકબીજા પાસે અપેક્ષા" પર સંબોધન કરવા જવાનું થયું. તેના એક ભાગ રૂપે ટ્રાફિક પોલીસ પ ાસે સમાજ શું અપેક્ષા રાખે છે તેની વાત આજે કરીશું. મારું લેક્ચર જે તે દિવસે ક્રમની રીતે છેલ્લું હતું. તાલીમીઓમાં અડધી સંખ્યા બહેનોની હતી. તે જોઇને અત્યંત આનંદ થયો. પણ એક વાતનું દુ:ખ પણ થયું કે આ નવયુવાનો જેની તાલીમ લઇ રહ્યાં છે તેમાં તેમની ૧૦૦ ટકા ભાગદારી છે ? તો મને એવું ન લાગ્યું. હા... આયોજનકર્તાની ૧૦૦ નહીં પણ ૨૦૦ ટકા ભાગીદારી દેખાઇ. પણ જે યુવાનો આવતી કાલે સમાજમાં જઇને પોલીસની ભૂમિકા ભજવવાના છે તેમનામાં તાલીમ માટેની નિષ્ઠા જોઇએ તેટલી ન દેખાઇ. સાંજના ચાર વાગે એ.સી. હોલમાં પણ તેઓ થાકેલા હોય તેમ લાગતું હતું, ત્યારે પ્રશ્ન થયો કે આ મિત્રો જ્યારે સમાજમાં જઇને ફરજ બજાવશે ત્યારે શું કરશે? મનોમન થોડું દુ:ખ થયું કે, આ મિત્રો શા માટે પોલીસ બનવા માંગે છે ? નોકરી મેળવવા ? લાંચ લઇને ખૂબ જ પૈસા કમાવા ? સમાજમાં કાયદાનું ચૂસ્તપણે પાલન કરાવવા ? નાગરિકોને કાયદાનું રક્ષણ આપવા કે સારા અધિકારી બની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને પોતાનું, પોતાના કુટુંબનું અને રાજ્યનું નામ રોશન કરવા ? જેનો ચિતાર હું મેળવી ન શક્યો. અને હું જે ઇમેજ આ ભવિષ્યના પી.એસ.આઇ. પાસેથી લઇને આવ્યો તેનાથી દુ:ખી થયો છું. હા.. ભાઇઓ કરતાં બહેનો વધારે ચિંતાયુક્ત, સિન્સિયર લાગી. હા. કેટલાક ભાઇઓ જાણવા માટે ઉત્સુક જણાયા.

અ લેક્ચર આપવા ગયો તે પૂર્વે અમદાવાદની એક કોલેજના વીસેક વિદ્યાર્થીને હું મળ્યો. પ્રશ્ન કર્યો કે તમે આજના ટ્રાફિક પોલીસ પાસેથી શું અપેક્ષા રાખો છો ? કારણ એ જ હતું કે, આજના યુવાનો એ જ ભારતનું ભવિષ્ય છે. તેમ માનીને તેમની અપેક્ષા જાણવાનો પ્રયત્ન કર્યો. ઉંમરમાં મોટા લોકો પોતાની ફિલોસોફિ અને માન્યતા કે અનુભવને આધારે પોતાના વિચારોમાં પરિવર્તન નહીં લાવી શકે. માટે જ મેં વિદ્યાર્થીઓને પસંદ કરેલા. તેમની ટ્રાફિક પોલીસ પાસેની અપેક્ષા અને સૂચનો ટૂંકમાં મુદ્દા લખીને જણાવું છું . જેની પર સરકાર અને ટ્રાફિકના અધિકારીઓએ ખાસ વિચારવા જેવું છે.

પોલીસ કાયદાનું પાલન કરે અને કરાવે. દા.ત. કાર પર રંગીન ફિલ્મ સ્ટ્રિપ ( પોલીસની કાર, સરકારી વાહનો, બી.આર.ટી.એસ. જજશ્રીની કાર પર રંગીન સ્ટ્રિપ હોય છે. ). હેલ્મેટ- યુનિફોર્મ- ફોન પર વાત કરવી, વગેરેનું પાલન કાયદા ઘડનાર કે તેનું પાલન કરાવનાર નથી કરતા. માત્ર નાગરિને જ ટાર્ગેટ બનાવાય છે. આવું કેમ ? - પૈસા લઇને મેમો આપતા નથી -નાની બાબતમાં વધુ સમય રોકી રાખે -સમયનો બગાડ - પોલીસના સંતાનો નિયમનું પાલ કરતા નથી - ટ્રાફિક પોલીસ ચાર રસ્તા પર ચોક્કસ જગ્યાએ ઊભી રહેતી નથી- ગરીબ અને મધ્યમવર્ગના લોકોને વધુ હેરાન કરે છે -ખેડૂતો માલ વેચવા શહેરમાં આવે ત્યારેટ્રાફિક પોલીસ.શાકભાજી/ફળો પણ લઇ લે છે.-પોલીસ રોફ જમાવે છે .આજના યુવાનોમાં પોલસિ માટેની આ ગંથી ભવિષ્યમાં મોટો ખતરો ઊભો કરે છે.

આજના યુવાનોએ ફરીયાદ કે અપેક્ષાની સાથે સૂચનો પણ કર્યા છે. જેમકે, - દરેક ચાર રસ્તા પર હેલ્પલાઇન નંબર -દરેક ચાર રસ્તા પર અને હાઇ વે પર સીસીટીવી કેમેરા (પ્રાયવેટ કંપનીને સોંપો) -રસ્તાઓ પર સ્પીડ લીમીટ નક્કી કરો અને તેના બોર્ડ લગાવો -પોલીસે અભદ્ર વર્તન ન કરવું -ગુસ્સો ન કરવો - સ્કવોડ વધારો -અન્ય બાબત કરતાં ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેને પ્રાધાન્ય આપવું -વિદ્યાર્થીઓ

સાથે યોગ્ય વર્તન કરવું અને સમજાવવા - લોકોને નિયમોની જાણ કરવી - બોર્ડ મારવા - લાઉડ સ્પીકર દ્વારા - જાહેરાત દ્વારા - વધારે સ્પીડ કે હોર્નનો દંડ કરો - ક્યારેક સમય-સંજોગોને ધ્યાનમાં લેવા (હોસ્પટિલ-સ્કૂલ- નોકરી)

આમ આદમી પણ પોલીસ પાસે કેટલીક અપેક્ષા રાખે છે અને સૂચનો પણ કરે છે.

પોલીસે પોતાની છાપ સારી પાડવી (વર્તન વ્યવહારથી) -વિનંતી કે સારા શબ્દોમાં વાત કરવી (પરદેશમાં પોલીસ વાહન ચાલકને સર (સાહેબ) કહને વાત કરે છે.- મુંબઇ કે દિલ્હીમાં ટ્રાફિક સેન્સ જેટલો છે એટલો ગુજરાતમાં કેમ નહીં ?- કાયદાનું પાલન કડક પણે કરવું અને કરાવવું

સરકારે પૂરતો સ્ટાફ આપવો- રસ્તાઓ પર પાર્કિં ઝોન ઊભા કરવા-

ચાર રસ્તા પરછેલ્લે આવીને પણ સૌથી આગળ જઇને ઊભું રહેવું -- રોંગ સાઇડમાં આવવું -- ખુબ ઝડપે વાહન ચલાવવું -- હોર્ન સતત મારવો વગેરે હરકત કરનારને પકડીને દંડ કરવો. - ગામડામાં લાયસન્સ વગર વાહનો ચલાવવા -- છકડો કે જીપમાં વધારે પેસેન્જર જેવી ઘાતકી બાબતો તાત્કિાલિ બંધ કરાવવી -પોલીસના પોતાના ખાનગી વાહનો પર ઓળખ ઊભી કરતું લખાણ લખનાર પોલીસને કડક તાત્કાલિક શિક્ષા કરવી.

પોલીસે ચાર રસ્તા પર યોગ્ય જગ્યાએ ઊભા રહેવું -વર્તન વ્યવહાર સાદો - સીધો - રોફ નહીં જમાવવો - ગુસ્સે નહીં થવું -વાતચીતમાં યોગ્ય શબ્દો ફરજ દરમિયાન પ્રાયોરિટી નક્કી કરો ( ટ્રાફિક હળવો કરવો કે દંડ કરવો) - વિદ્યાર્થી, યુવાનો, બહેનો સાથે એવું વર્તન કે વાતચીત કરો કે જેથી તેઓમાં સુધારો આવે.- બાળકો કે યુવાનોની હાજરીમાં તેના વાલી સાથે અજુગતું વર્તન ન કરો જાહેર સ્થળોએ - સ્કૂલ - લગ્ન હોલ વગેરે જગ્યાએ ચોક્કસ સમયે પોલીસની હાજરી રાખો- ગરીબ હોય કે પૈસાદાર, અભણ હોય કે ભણેલા તેમને સમજાવવાની રીત જુદી હોઇ શકે પણ વર્તનવ્યવહાર યોગ્ય રાખો.- કાયદાનો ભંગ કરીને નાસી જાય તેમને ખાસ પકડવાની વ્યવસ્થા કરવી અને વિશિષ્ટ પ્રકારની શિક્ષા કરવી - લોકોને ઝડપી, સુરક્ષિત સરળતાથી અવરજવર થાય તે માટે હંમેશા ધ્યાન આપવું

નાગરિકો તરફથી સૂચનો આ મુજબ છે. નાગરિકો - વિદ્યાર્થીની મદદ - સહભાગિદારિતા વધારી કામનું ભારણ ઘટાડવું -શિક્ષા દંડ કરવાની નીતિ-રીતિ બદલવી -વહેંચણી કરવી ( પ્રોફેશનલ કે એન.જી.ઓ કે અન્ય ટ્રસ્ટને સામેલ કરી શકાય)

યોગ્ય જગ્યાએ સૂચન પેટી મૂકવી- કાયદો તોડે ત્યારે લાયસન્સમાં નોંધ કરો (પાંચ વાર નોંધ થાય પછી એક વર્ષ માટે લાયસન્સ કેન્સલ કરો - દંડ તો લેવાનો જ)- કાયદાનો ભંગ કરનાર સાથે સારા શબ્દોમાં વાત કરો (મનોવિજ્ઞાનનો પણ ઉપયોગ કરો ) -વધારાના ડિપાર્ટમેન્ટ ઊભા કરો ( સ્ટાફનો પગાર અને સગવડતા વગેરે દંડની આવકમાંથી જ વસૂલ થઇ જશે) - લાયસન્સ આપવાની પ્રથા બદલવી -

દંડ રોકડા રૂપિયામાં પોલીસે લેવાને બદલે ચોક્કસ જગ્યાએ જ ભરવા જવાનું રાખો - લાયસન્સમાં નોંધ કરો. અંતે નાગરિકો પોલીસ માટે શું માને છે તેની વાત.

સીસીટીવી કેમેરા પોલીસ એટલા માટે નથી લગાવતી કે તેમાં કાયદાનો ભંગ કરનારા કરતાં લાંચ લેનાર પોલીસ વધુ પકડાશે તેવો પોલીસને ભય છે. ભ્રષ્ટાચારનો મુદ્દો લખ્યો નથી.કારણ કે, કદાચ ભારતનો એકપણ નાગરિક એવો નહીં હોય કે જેની પાસે પોલીસે લાંચ માંગી નહીં હોય અથવા તો કોઇ વ્યક્તિએ લાંચ આપી નહીં હોય. માટે જ પ્રજાના મનમાં ટ્રાફિક પોલીસ માટે માન નથી. જેથી પ્રજા પોલીસનું માનતી પણ નથી.